| PUBLICATION NAME : | Gujarat Pranam |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 08/12/23 |
| PAGE : | 2 |

# ડિપાર્ટમેન્ટ ઓફ એમ્પાવરમેન્ટ ઓફ પર્સન્સ વિથ ડિસેબિલિટીઝ (DePwD) અને આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDII) એ આજીવિકાની આશાસ્પદ તકો સુરક્ષિત કરવા માટે ૩૦૦૦ દિવ્યાંગો (PwDs)ને સશક્ત કરવા માટે કોર્પોરેટ સાથે ભાગીદારી કરી



અમદાવાદ, ૭ ડિસેમ્બર, ૨૦૨૩ઃ ભારત સરકારના સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયના ડિપાર્ટમેન્ટ ઓફ એમ્પાવરમેન્ટ ઓફ પર્સન્સ વિથ ડિસેબિલિટીઝ (DEPwD)ના સહયોગથી આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDII) એ 'સીએસઆર કામગીરી હેઠળ દિવ્યાંગો (ૂહ્વજ) માટે ખાતરીપૂર્વકની આજીવિકાને સપોર્ટ કરવા, સક્રિય કરવા અને ઊભી કરવા (SABAL)' કોર્પોરેટ માટે એક રાઉન્ડ ટેબલ મીટનું આયોજન કર્યું હતું.

ભારત સરકારના દિવ્યાંગ સશક્તિકરણ વિભાગના નેશનલ હેન્ડિકેપ્ડ ફાઈનાન્સ ડેવલપમેન્ટ કોર્પોરેશનના જનરલ મેનેજર ડો. વિનીત રાણા, એસબીઆઈ ફાઉન્ડેશનના પ્રેસિડેન્ટ શ્રી જગન્નાથ સાહૂ, મહારાષ્ટ્ર સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ, મુંબઈના મેનેજિંગ ડિરેક્ટર આઈએએસ શ્રી રાજેન્દ્ર નિમ્બાલકર, આઈડીબીઆઈ બેંકના સીજીએમ શ્રી સૌમ્યા ચૌધરી, ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લા, ઈડીઆઈઆઈ ખાતે ડિપાર્ટમેન્ટ ઓફ પ્રોજેક્ટ્સ (કોર્પોરેટ)ના ડિરેક્ટર ડો. રમણ ગુજરાલ તેમજ દિવ્યાંગ સશક્તિકરણ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ અને અગ્રણી કોર્પોરેટ સંસ્થાઓના સીએસઆર લીડર્સે આ અભૂતપૂર્વ મીટમાં હાજરી આપી હતી. આ 'મીટ'માં મોટા પાયે સમાજને સંવેદનશીલ બનાવવા અને હસ્તક્ષેપો કરવા તથા પગલાં લેવાનો એજન્ડા હાથ ધરવામાં આવ્યો હતો જે ૧,૫૦૦ ટેકનોલોજી-સંચાલિત અને ૧,૫૦૦ સામાન્ય સાહસો સહિત દિવ્યાંગો માટે ૩,૦૦૦ નવા સાહસોની સ્થાપનાને સુનિશ્ચિત કરે છે.